Letter No: COS/0114/01/2024 Dt. 11-01-2024

(540)

**Commissionerate of School**

**Government of Gujarat**

**Block No.9, 1st Floor, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382010**

**Te.No.: 07923254001** **E-mail: ss.umabranch@gmail.com**

Ref. COS/10+2 /uma-06/file no.0062 /2023 / 93 - 130 DATE :11/ 1 / 2024

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ

વિષય : સને 2023-24 ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળાને પ્રોત્સાહન ઈનામ આપવા બાબત

સંદર્ભ : 1. શિક્ષણ વિભાગનો તા.6/4/2023 નો ઠરાવક્રમાંક : ED/MIS/e-file/3/2022/2688/CHH

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સને 2023-24 ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે પસંદ થાય તે શાળાને પ્રોત્સાહક ઈનામ આપવા માટે આપના જિલ્લાની શ્રેષ્ઠ ત્રણ શાળાઓને શાળા દીઠ રૂ.1.00 લાખ (અંકે એક લાખ પુરા) તથા રાજ્ય કક્ષાએ પ્રથમ નંબરે આવનાર શાળાને રૂ .5.00 લાખ (અંકે પાંચ લાખ પુરા), બીજા નંબરે આવનાર શાળાને રૂ.3.00 લાખ (અંકે ત્રણ લાખ પુરા) અને ત્રીજા નંબરે આવનાર શાળાને રૂ.2.00 (અંકે બે લાખ પુરા) નું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

ઈનામ વિતરણ સમારોહ જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના નેજા હેઠળ યોજાશે. શાળાના આચાર્યશ્રી અને તમામ શિક્ષકોને તેમના સહિયારા પ્રયાસ બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. શાળાના નામજોગ આર્થિક પુરસ્કાર એનાયત થશે. શાળાઓમાં આ યોજનાનો બહોળો પ્રચાર થાય અને વધુમાં વધુ શાળાઓ આ યોજના માટે દરખાસ્ત કરે તેવાં પ્રયત્નો આપની કક્ષાએથી કરશો.

આ યોજના અંતર્ગત શાળાઓને ભાગ લેવા માટે નીચે મુજબ નોર્મ્સ ફરજિયાત કરાયા છે.

1. શિક્ષણ વિભાગ હસ્તકની આર.એમ.એસ.એ, મોડેલ, મોડેલ ડે સ્કુલ સહિતની કોઈ પણ સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક/ઉ.મા શાળા સદર યોજનામાં ભાગ લઈ શકશે.
2. જિલ્લા કક્ષાએ ત્રણ શ્રેષ્ઠ શાળા પસંદ કરવા માટે એક શહેર વિસ્તારની અને બે ગ્રામ્ય વિસ્તારની શાળા પસંદ કરવાની રહેશે.
3. શાળાનું એસ.એસ.સીનું છેલ્લા ત્રણ વર્ષનું (વર્ષ 19-20 , વર્ષ 21-22, વર્ષ 22-23) સરેરાશ પરિણામ (માસ પ્રમોશનને કારણે આપવામાં આવેલ 100% પરિણામ ધ્યાને ન લેવુ)

(માત્ર માધ્યમિક અને 9 થી 12 ના વર્ગો ધરાવતી શાળાઓ માટે)

- જ્યાં માધ્યમિક અને ઉ.માધ્યમિક અથવા માત્ર માધ્યમિક શાળાઓ ચાલે છે તે શાળાઓ માટે.
- શહેર વિસ્તાર માટે 70% કે તેથી વધુ તથા ગ્રામ્ય વિસ્તાર માટે 65% કે તેથી વધું હોવું જોઈએ.

4. માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા કાર્યરત હોય તો એચ.એસ.સીનું છેલ્લા ત્રણ વર્ષનું સરેરાશ પરિણામ નીચે મુજબ હોવું જોઈએ.

- સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહ માટે : શહેર વિસ્તાર-70% કે તેથી વધુ અને ગ્રામ્ય વિસ્તાર 65 % કે તેથી વધુ
- બન્ને પ્રવાહ હોય તો જે પ્રવાહનું પરિણામ વધુ હોય તે ધ્યાને લેવું.

(નોંધ ; ઉ.બુ પ્રવાહ માટે ગ્રામ્ય વિસ્તારની શાળાઓનાં ધારાધોરણ લાગુ પડશે.)

5. એક વાર જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ પ્રોત્સાહક પારિતોષિક મેળવેલ શાળાઓ તે પછીના ત્રણ વર્ષ સુધી શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક યોજનામાં ભાગ લઈ શકશે નહિ.

6. નિયત થયેલ એપ્રાઈઝલ ફોર્મના માપદંડોના કુલ 100 ગુણમાંથી ઓછામાં ઓછા 70 ગુણ જે શાળા મેળવે તે જ શાળા ઈનામ માટે પસંદગીને હકદાર બનશે.

7. એપ્રાઈઝલ ફોર્મ ઝીણવટપૂર્વક વાંચી પ્રત્યેક વિગત જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ દ્વારા ફરજિયાત ભરવાની રહેશે.

8. ભાગ લેનાર શાળાએ આ સાથે સામેલ એપ્રાઈઝલ ફોર્મમાં વિગતો ભરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તા. 20/1/2024 સુધીમાં અરજી કરવાની રહેશે. રાજ્યકક્ષાની સ્પર્ધા માટે મોકલવા પાત્ર દરખાસ્તમાં આ એપ્રાઈઝલ ફોર્મ(આર્ચાયશ્રીના સહી-સિક્કા સાથે) સામેલ રાખવું.

9. આવેલ અરજીઓના સંદર્ભમાં જિ.શિ.અધિ.શ્રી દ્વારા પેનલ મુલાકાત ગોઠવી શાળાએ રજુ કરેલ વિગતોની ચકાસણી કરવી.

10. આવેલ અરજીઓની ચકાસણી અને રૂબરૂ મુલાકાતના અંતે પસંદ થયેલ અરજીઓની ચકાસણી બાદ જિલ્લા પસંદગી સમિતિ જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકની શ્રેષ્ઠ શાળા પસંદ કરશે.

11. જિલ્લા કક્ષાએ પસંદગી સમિતિ દ્વારા શ્રેષ્ઠ શાળાની આવેલ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ પ્રથમ ક્રમની શ્રેષ્ઠ શાળાની દરખાસ્ત વિશિષ્ટ પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી 4×6 ના ફોટોગ્રાફ સહિત A 4 સાઈઝના પેપરમાં મહત્તમ 50 પાનાની દરખાસ્ત હાર્ડકોપીમાં(50 પાનાથી વધે તે રીતે) તા.31/1/2024 પહેલા અત્રેની કચેરીને રૂબરૂમાં રજુ કરવાની રહેશે તથા સોફ્ટ કોપીમાં હેડલાઈન સાથેનું એપ્રાઈઝલ ફોર્મના 4 વિભાગ આધારિત (25 કે તેથી ઓછી સ્લાઈડનું શ્રુતિ ફોન્ટમાં) પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન મોકલી આપવું. જેમાં બિનજરૂરી લંબાણ પૂર્વકની વિગતો ટાળવી. (જેવા કે, સાંસ્કૃતિક કાર્યક્રમોની આખી સી.ડી. ફોટો આલ્બમ, બિનજરૂરી કાગળો, એક જ પ્રકારના કે એક જ કાર્યક્રમના વધુ પડતા ફોટોગ્રાફ વગેરે) દરખાસ્ત ફાઈલની સાથે જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા થયેલ ગુણાંકનમાં આ સામેલ પત્રક A અને પત્રક B માં વિગત સ્પષ્ટપણે ભરીને મોકલવી તથા દરેક નિર્ણાયક દ્વારા એપ્રાઈઝલ ફોર્મમાં મુકવામાં ગુણાંકનની માર્કશીટ સાથે રાખવી.

12. પત્રક A અને પત્રક Bમાં ગુણ શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રકના વિભાગ 1 થી 4 ના આધારે મુકવામાં આવે તે ધ્યાને લેવું

- જિલ્લા કક્ષાની પસંદગી સિમિતિની રચનામાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ કરવો.

1. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(અધ્યક્ષ)
2. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(સભ્ય)
3. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી(સભ્ય)
4. જિ.શિ.અધિ.શ્રી દ્વારા પસંદ કરેલ શાળા વિકાસ સંકુલના કો-ઓર્ડીનેટરશ્રી(સભ્ય)
5. જિ.શિ.અધિ.શ્રી દ્વારા પસંદ થયેલ રાજ્ય/રાષ્ટ્રીય પરિતોષિક વિજેતા શિક્ષક/આચાર્ય(સભ્ય)
6. સંબધિત જિલ્લા ના કોઈ એક સ્કુલ ઈન્સ્પેકટર(S.I)

શ્રેષ્ઠ શાળાની પસંદગી કરવામાં ક્ષતિ રહેવા ન પામે તેની અંગત રીતે ચકાસણી કરી જિલ્લા કક્ષાએ પસંદગી સમિતિ દ્વારા પ્રથમ ક્રમે પસંદ થયેલ શ્રેષ્ઠ શાળાની દરખાસ્ત તથા જો આપના જિલ્લાની સદર યોજના માટે દરખાસ્ત ન હોય તો 'શૂન્ય' માહિતી નિયત સમયમર્યાદામાં મોકલી આપવા જણાવવામાં આવે છે. વધુમાં, શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક ઈનામ યોજનાના નોર્મ્સનું પાલન થાય તે રીતે જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકની શ્રેષ્ઠ શાળા પસંદ કરવાની જવાબદારી સંબધિત જિ.શિ.અધિ.શ્રીની અંગત રહેશે.

ઉપરાંત, આપની જિલ્લાની જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાકે આવેલ શાળાના નામ,સરનામાની વિગત નીચે મુજબના પત્રકમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

| ક્રમ | જિલ્લો | શાળાનુ નામ | સરનામુ | શાળાના આચાર્યનુ નામ | શાળાના આચાર્યશ્રીનો મોબાઈલ નબર |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |

નાયબ શિક્ષણ નિયામક
10+2
ગુ.રા,ગાંધીનગર

બિડાણ :

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ શહેર, અમદાવાદ

બ્લોક- એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૫૨

---

ક્રમાંક: જિશિઅ/પરચ/૨૦૨૪/ 2429 તા:16/01/2024

પ્રતિ,
પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ
સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ ,
અમદાવાદ શહેર.

ઉપરોક્ત પરિપત્ર વંચાણે લઇ ચુસ્તપણે અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર

નકલ રવાના જાણ તથા અમલ સારૂ

- શિક્ષણ નિરીક્ષકશ્રી/મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી/વહીવટી કર્મચારીઓ તમામ સાદર કચેરી

| ગામનું નામ : | તાલુકાનું નામ : | જિલ્લાનું નામ : |
|---|---|---|

1. વિસ્તાર :
   (બિન આદિજાતિ, આદિજાતિ, ખાસ અંગભુત )
2. વિસ્તાર
   (ગ્રામ્ય, શહેરી)

1. શાળાના આચાર્યશ્રીનું નામ :
2. કાયમી સંપર્ક નંબર : લેન્ડ લાઈન નંબર(એસ.ટી.ડી કોડ સાથે)-

   મોબાઈલ નંબર –

   ઈ-મેઈલ એડ્રેસ –

**3. શાળાની વિગત – લાગુ પડતુ હોય તેના પર ü નિશાની કરો.**

- શાળાનો વિસ્તાર : બિન આદિજાતિ : આદિજાતિ : ખાસ અંગભુત
- શાળાનું સ્થાપના વર્ષ –
- શાળા માત્ર માધ્યમિક/માત્ર ઉચ્ચતર માધ્ય/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બન્ને વિભાગધરાવે છે.
- જો શાળા ઉચ્ચતર માધ્યમિક છે તો તેમાં ચાલતાં પ્રવાહ :

  સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/બન્ને પ્રવાહ /ઉ.બુ પ્રવાહ :

- શાળા કુમાર/કન્યા/મિશ્ર છે :
- શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા- માધ્યમિક- ઉ.મા- કુલ-

**શાળાનું છેલ્લા ત્રણ વર્ષનું S.S.C અને H.S.C નું પરિણામ (માસ પ્રમોશનના કારણે આપવામાં આવેલ બોર્ડનું 100% પરિણામ ધ્યાને ન લેવું)**

| વર્ષ | વર્ષ 19-20 | | વર્ષ 21-22 | વર્ષ 22-23 | ત્રણ વર્ષનું સરેરાશ પરિણામ |
|---|---|---|---|---|---|
| S.S.C નું પરિણામ | | | | | |
| H.S.C નું પરિણામ | સામાન્ય પ્રવાહ | | | | |
| | વિજ્ઞાન પ્રવાહ | | | | |

**જિ.શિ.અધિ.શ્રીની સહી અને સિક્કો :**

**પત્રક A :**

એપ્રાઈઝલ ફોર્મના વિભાગવાર મેળવેલ ગુણની સરેરાશ વિગત

**ખાસ નોંધ : નીચેના વિભાગવાર પત્રકમાં જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ દ્વારા મુકવામાં આવેલ સરેરાશ ગુણ જ મુકવા.**

| વિભાગ | વિગત | કુલ ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|

File No: COS/BSS/e-file/276/2024/0062/Higher secondary section
Approved By: Director,Higher secondary section,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

| | | | |
|---|---|---|---|
| 1 | શાળા ભાવાવરણ | 30 | |
| 2 | અસરકારક વર્ગકાર્ય | 20 | |
| 3 | સહાભ્યાસિક પ્રવૃત્તિઓ અને પરિણામલક્ષી લોકભાગીદારી | 30 | |
| 4 | શાળાની પ્રેરક વિશેષતાઓ | 20 | |
| કુલ ગુણ | | | |

પત્રક B :

એપ્રાઈઝલ ફોર્મના નિર્ણાયક દ્વારા મુકાયેલા ગુણ :

| વિભાગ | 1 | 2 | 3 | 4 | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| નિર્ણાયક 1 | | | | | |
| નિર્ણાયક 2 | | | | | |
| નિર્ણાયક 3 | | | | | |
| નિર્ણાયક 4 | | | | | |
| નિર્ણાયક 5 | | | | | |
| નિર્ણાયક 6 | | | | | |
| કુલ ગુણ | | | | | |
| તમામ નિર્ણાયકના સરેરાશ ગુણ | | | | | |

જિ.શિ.અધિ.શ્રીની સહી અને સિક્કો :

**શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક વિભાગ 1 શાળા ભાવાવરણ**

| ક્રમ | વિગત | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | | ગુણ | મેળવેલ ગુણ | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1 | ઈકો ક્લબની પ્રવૃત્તિ અને શાળા પર્યાવરણ તેમજ શાળા સલામતી | 1 | શાળા મકાન આસપાસનું પર્યાવરણ | 1 | | |
| | | 2 | રેઈન હાર્વેસ્ટિંગ સિસ્ટમ | 2 | | |
| | | 3 | શાળામાં બગીચાની માવજત | 1 | | |
| | | 4 | કિચન ગાર્ડન, ઔષધીય વનસ્પતિ | 1 | | |
| | | 5 | પર્યાવરણ જાળવણી માટે જનજાગૃતિ માટેના પ્રયત્નો | 1 | | |
| | | 6 | શાળાના બગીચા પ્રત્યે બાળકોનો અભિગમ (વૃક્ષોના નામ તથા સંખ્યાની જાણકારી તેમજ રખરખાવમાં સક્રિય ભાગીદારીના આધારે) | 1 | | |
| | | 7 | ટેરેસ ગાર્ડન, છોડના કુંડાઓ, મેદાન ના હોય તેવી જગ્યાએ બગીચાનુ આયોજન | 1 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | 8 | કુદરતી આફતોના સમયમાં બાળકોની સલામતી માટેના પગલાં/સલામતીના સાધનોની સુવિધા | 1 | | |
| | | 9 | બાળકોની શારિરીક અને માનસિક સલામતી માટે લીધેલાં પગલાં | 1 | | |
| 2 | સ્વચ્છતા | 1 | શાળામાં કાયમી સફાઈ કામદાર છે. | 1 | | |
| | | 2 | સ્ટાફ તથા બાળકો માટે સેનિટેશનની ઉપલબ્ધતા અને સ્વચ્છતા | 1 | | |
| | | 3 | બાળકો દ્વારા સ્વચ્છતા સાધનોનો ઉપયોગ | 1 | | |
| | | 4 | વેડફાતા પાણીને અટકાવવા માટે લેવામાં આવેલ પગલાં | 2 | | |
| 3 | શાળાકીય પ્રવૃત્તિઓ | 1 | પ્રાર્થના સભામાં સંગીતના સાધનો ઉપરાંત નવતર પ્રયોગ | 1 | | |
| | | 2 | પ્રાર્થના સભામાં શિક્ષકોની સક્રિયતા | 1 | | |
| | | 3 | યૌગિક ક્રિયાઓનો સમાવેશ | 1 | | |
| | | 4 | બુલેટિન બોર્ડ માટે નવીન પ્રયુક્તિ | 1 | | |
| | | 5 | શાળાની જાહેર જગ્યાઓનો હકારાત્મક ઉપયોગ | 1 | | |
| | | 6 | નિષ્ણાતોના વક્તવ્ય, સેમિનાર, બિન સરકારી તાલીમોનું આયોજન | 2 | | |
| | | 7 | સામાજિક સમસ્યાઓ તથા જન સામાન્ય માટે શાળામાં કરવામાં આવતી પ્રવૃત્તિ (બેટી બચાવો, અંધશ્રધ્ધા નિર્મુલન ..વગેરે) | 2 | | |
| | | 8 | બાળકોને પ્રોત્સાહન પૂરુ પાડે તેવા આમંત્રિતોની ઉપસ્થિતી (જાણીતા વ્યવસાયીઓ, વૈજ્ઞાનિકો, શિક્ષણશાસ્ત્રિઓ, સાહસિકો, રમતવીરો) | 1 | | |
| 4 | શાળા પુસ્તકાલય | 1 | પુસ્તકાલયનું નવીનીકરણ | 1 | | |
| | | 2 | બાળકોને વાંચવા લાયક પુસ્તકોની સંખ્યા (નવલકથાઓ સંદર્ભ સિવાયની હોય તો તેને ન ગણવી. 100 કે તેથી ઓછા પુસ્તક હોય તો 1 માર્ક, 100 થી વધુ હોય તો 2 માર્ક્સ) | 2 | | |
| | | 3 | શિક્ષકો/બાળકો દ્વારા સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ (જો માત્ર બાળકો કે માત્ર શિક્ષકો લાયબ્રેરીનો ઉપયોગ કરતા હોય તો 1 માર્ક અને બાળકો અને શિક્ષકો બન્ને ઉપયોગ કરતા હોય તો 2 માર્ક) | 2 | | |
| કુલ ગુણ | | | | 30 | | |

**શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક વિભાગ 2 અસરકારક વર્ગકાર્ય**

| ક્રમ | વિગત | | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | ગુણ | મેળવેલ ગુણ | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1 | વર્ગખંડની ગોઠવણ | 1 | બાળકોની સુવિધાયુક્ત બેઠક વ્યવસ્થા ઉપરાંત જરૂરી ગોઠવણ ફર્નિચરની ગોઠવણ | 1 | | |
| | | 2 | રૂઢિગત વર્ગખંડથી અન્ય નવીન વ્યવસ્થા | 2 | | |
| | | 3 | આરોગ્યની દ્રષ્ટિએ વર્ગખંડનું વાતાવરણ | 1 | | |
| | | 4 | વર્ગખંડની દિવાલોની જિવંતતા (ભીંત ચિત્રો, ચાર્ટસ, મહાનુભાવોના ફોટોગ્રાફ્સ, સંદેશા વગેરે...) | 1 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 2 | વર્ગખંડ પ્રવૃત્તિઓ | 1 | પિયર ગ્રુપ લર્નિંગ માટેના પ્રયત્નોમાં નવીનીકરણ | 1 | | |
| | | 2 | વિષયને અનુરૂપ નાના મોટા પ્રયોગો અને વૈજ્ઞાનિક પ્રયોગો કરવામાં આવે છે. | 1 | | |
| | | 3 | શિક્ષણને મનોરંજક બનાવવા માટે કરવામાં આવેલ પ્રયોગો | 1 | | |
| | | 4 | સેલ્ફ લર્નિંગ માટે અપનાવાયેલ પ્રવૃત્તિઓ | 1 | | |
| | | 5 | દરેક પ્રવૃત્તિમાં શિક્ષકો/બાળકોની સમાન સહભાગિતા | 1 | | |
| 3 | દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ | 1 | બાયસેગ પ્રસારણ માધ્યમનો ઉપયોગ થાય છે. | 1 | | |
| | | 2 | કોમ્યુટર/મોબાઈલ/પ્રોજેક્ટર જેવા ડિજિટલ સાધનો વાપરવામાં આવે છે. (એક સાધન માટે 1 માર્ક) | 3 | | |
| | | 3 | સામયીક, સમાચાર પત્રોનો શિક્ષણ કાર્યમાં ઉપયોગ થાય છે. | 1 | | |
| 4 | બાળકોનું કૌશલ્યવર્ધન | 1 | શ્રુતિલેખન, નિબંધલેખન, વક્તૃત્વ સ્પર્ધા, કાવ્યપઠન જેવી સ્પર્ધાઓનું આયોજન | 1 | | |
| | | 2 | પ્રોજેક્ટ વર્ક (એવાં ખાસ પ્રોજેક્ટ જેમાં વિદ્યાર્થી શાળાની બહારનો પણ અનુભવ મેળવે, સમાજ સાથે સંકળાય, સેવા સંતુષ્ટિનો અનુભવ કરે.) | 1 | | |
| | | 3 | ઉપચારાત્મક શિક્ષણ માટે અપનાવાયેલ સરકારશ્રી દ્વારા નિર્દિષ્ટ ન હોય તેવી નવી પધ્ધતિ) | 1 | | |
| | | 4 | બાળકોના વિશિષ્ટ કાર્યને બિરદાવવા માટે અપનાવવામાં આવેલી પધ્ધતિમાં નાવીન્ય | 1 | | |
| | | | બાળકોના મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન માટે લેવામાં આવેલ મૂલ્યાંકન પ્રવિધિઓ. | 1 | | |
| કુલ ગુણ | | | | **20** | | |

**શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક વિભાગ 3 સહાભ્યાસિક પ્રવૃત્તિઓ અને પરીણામલક્ષી લોકભાગીદારી**

| ક્રમ | વિગત | | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | ગુણ | મેળવેલ ગુણ | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1 | બાહ્ય પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની સિધ્ધી | 1 | નેશનલ સ્કોલરશીપ પરીક્ષા (જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હોય તે પૈકી 50% થી ઉપરની સંખ્યામાં વિદ્યાર્થી પાસ થતા હોય તો 1 માર્ક, 50% થી 80% પાસ થયા હોય તો 2 માર્ક અને તેથી વધુ વિદ્યાર્થી પાસ થયા હોય તો 3 માર્ક મુકવા) | 3 | | |
| | | 2 | ગુજરાત રાજ્ય દ્વારા લેવાતી શિષ્યવૃત્તિ પરીક્ષા( વિદ્યાર્થી જિલ્લા કક્ષાએ નંબર મેળવેલ હોય તો 1 માર્ક અને રાજ્યકક્ષાએ નંબર મેળવેલ હોય 2 માર્ક મુકવા.) | 2 | | |
| | | 3 | અન્ય કોઈ સરકાર આયોજિત પરીક્ષા. (વિદ્યાર્થી જિલ્લા કક્ષાએ નંબર મેળવેલ હોય તો 1 માર્ક અને રાજ્યકક્ષાએ નંબર મેળવેલ હોય તો 2 માર્ક મુકવા.) | 2 | | |
| 2 | રમતોત્સવ | 1 | રાષ્ટ્ર કક્ષાએ કોઈ રમતમાં સિધ્ધિ મેળવેલ હોય તો | 2 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | 2 | રાજ્યકક્ષાએ વિવિધ રમતોમાં શાળાની સિધ્ધિ (એક કે બે રમતમાં રાજ્યકક્ષાની સિધ્ધિ હોય તો 1 માર્ક, બે થી પાંચ રમત હોય તો 2 માર્ક અને તેથી વધુ હોય તો 3 માર્ક) | 3 | | |
| | | 3 | ખેલમહાકુંભમાં જિલ્લા કક્ષાએ વિજેતા થયા હોય તેવી એક કે બે રમતમાં રાજ્યકક્ષાની સિધ્ધી હોય તો 1 માર્ક, બેથી પાંચ રમતો હોય તો 2 માર્ક અને તેથી વધુ હોય તો 3 માર્ક) | 3 | | |
| 3 | પ્રવાસ(આગળના શૈક્ષણિક વર્ષમાં) | 1 | ઐતિહાસિક સ્થળનો પ્રવાસ | 1 | | |
| | | 2 | ભૌગોલિક મહત્ત્વ ધરાવતા સ્થળનો પ્રવાસ | 1 | | |
| | | 3 | ઔધોગિક સ્થળનો પ્રવાસ | 1 | | |
| 4 | મૂલ્યલક્ષી શિક્ષણ | 1 | વાંચનપર્વની ઉજવણી | 1 | | |
| | | 2 | બાળકોના પારિવારિક સદસ્યો સાથે મળીને કરવામાં આવતી પ્રવૃત્તિ | 1 | | |
| | | 3 | લોકશાહીના પર્વો/વિશ્વ યોગ દિવસની અનન્ય રીતે કરવામાં આવતી ઉજવણી | 1 | | |
| | | 4 | સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી સેવાકીય સંસ્થઓની મુલાકાત અને તેના પદાધિકારીઓ સાથે ગોષ્ઠીનું આયોજન | 1 | | |
| | | 5 | સર્વ ધર્મ સમભાવની પ્રેરણા આપતી પ્રવૃત્તિ | 1 | | |
| | | 6 | જિલ્લા કે રાજ્ય કક્ષાએ આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોમાં શાળાના બાળકો ભાગ લે છે. (જિલ્લા કક્ષાએ વિજેતા હોય તો 1 અને રાજ્યકક્ષાના વિજેતા માટે 2 માર્ક્સ) | 2 | | |
| 5 | વિશિષ્ટ શૈક્ષણિક વ્યવસ્થા | 1 | ગણિત/વિજ્ઞાન મંડળ છે | 1 | | |
| | | 2 | શાળાની લેબોરેટરી અધતન છે. | 1 | | |
| 6 | સ્કુલ ડેવલપમેંટ પ્રોગ્રામ | 1 | વાલી સંમેલનોનું આયોજન | 1 | | |
| | | 2 | શાળાની લોકભાગીદારી દ્વારા વિકાસ | 1 | | |
| | | 3 | અન્ય શૈક્ષણીક સંસ્થાઓનો ખાસ વિષય માટે સહયોગ | 1 | | |
| કુલ ગુણ | | | | 30 | | |

શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક વિભાગ 4 શાળાની પ્રેરક વિશેષતાઓ

| ક્રમ | વિગત | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | | ગુણ | મેળવેલ ગુણ | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1 | વિકલાંગ બાળકોના અભ્યાસ માટેની ખાસ વ્યવસ્થા | 1 | શાળામાં રેમ્પની સુવિધા છે. | 1 | | |
| | | 2 | વિકલાંગ બાળકો માટે ખાસ શિક્ષક બોલાવવામાં આવે છે. | 1 | | |
| 2 | શિક્ષકોએ ગત વર્ષમાં પ્રાપ્ત કરેલ સિધ્ધિઓ | 1 | શોધ નિબંધ રજુ થયો | 1 | | |
| | | 2 | શ્રેષ્ઠ શિક્ષકનું પારિતોષિક મળ્યું (જિલ્લા કક્ષા હોય તો 1 માર્ક અને રાજ્યકક્ષા હોય તો 2 માર્ક્સ અને રાષ્ટ્ર કક્ષા હોય તો 3 માર્ક્સ મુકવા) | 3 | | |
| | | 3 | શાળા અને વિદ્યાર્થીઓને લગતું કોઈ ક્રિયાત્મક સંશોધન હાથ ધરેલ છે. | 1 | | |
| 3 | શિક્ષક વિદ્યાર્થી વચ્ચેનું સાયુજ્ય | 1 | વાલી મિટિંગ (દર માસે યોજાતી હોય તો 2 માર્ક્સ અને બેથી વધુ સમયાંતરે યોજાતી હોય તો 1 માર્ક ) | 2 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | 2 | બાળકો માટે કાઉન્સેલરની વ્યવસ્થા છે. | 1 | | |
| | | 3 | અલાયદો ગર્લ્સ રૂમ છે. | 1 | | |
| | | 4 | વિદ્યાર્થી પહેલ યોજના છે. | 1 | | |
| | | 5 | શાળાના ગરીબ બાળકો માટે બુક બેંક-રામહાટ જેવી સહાયકારી યોજના અમલમાં છે. | 1 | | |
| 4 | શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા | 1 | શિક્ષકોએ સરકારશ્રી દ્વારા આયોજિત ન હોય તેવી બાળકોના વિકાસને લગતી કોઈ ખાસ તાલીમ મેળવી છે. | 1 | | |
| | | 2 | ગત વર્ષ દરમ્યાન શિક્ષકોએ શાળા લાયબ્રેરીમાં પ્રાપ્ત સંદર્ભ પુસ્તકોનો અભ્યાસ કર્યો છે. | 1 | | |
| | | 3 | શિક્ષકોએ શાળા સમય સિવાય વાલી મિટિંગ કે શિક્ષણ સંદર્ભે જન સંપર્ક કરેલ છે. | 1 | | |
| | | 4 | શિક્ષકો શાળાના બાળકો સાથે "વિદ્યાર્થી મિત્ર" બની શક્યાં છે. | 1 | | |
| 5 | શાળાની પ્રેરક વિશેષતાઓ | 1 | સમાજમાં શિક્ષણ સિવાય કોઈ ઉદાહરણ રૂપ પ્રવૃતિ શાળા દ્વારા કરવામાં આવે છે. | 3 | | |
| કુલ ગુણ | | | | 20 | | |

File No: COS/BSS/e-file/276/2024/0062/Higher secondary section
Approved By: Director,Higher secondary section,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*